$= -3y = 11 - 14 \quad = -3y = -3 \quad \therefore$ **$y = 1$**

$\therefore$ **ઉકેલ ગણ $\{(2, 1)\}$**

**સ્વપ્રયત્ને કરો :** (૧) $x + 3y = 6, 2x - y = 5$

(૨) $4x - 3y = 8, 6x - y = \frac{29}{3}$

**(૨) ચોકડી ગુણાકારની રીતે ઉકેલો. $2x - 5y = 4, 3x - 8y = 5$**

ઉકેલ : પ્રમાણિત સ્વરૂપમાં ગોઠવતા $2x - 5y - 4 = 0$

$3x - 8y - 5 = 0$

પ્રમાણિત સ્વરૂપ સાથે સરખાવતા.....

$a_1 = 2, \quad b_1 = -5, \quad c_1 = -4$

$a_2 = 3, \quad b_2 = -8, \quad c_2 = -5$

સહગુણકોની ગોઠવણી કરતા...

$$= \frac{x}{\begin{matrix} b_1 & c_1 \\ b_2 & c_2 \end{matrix}} = \frac{y}{\begin{matrix} c_1 & a_1 \\ c_2 & a_2 \end{matrix}} = \frac{1}{\begin{matrix} a_1 & b_1 \\ a_2 & b_2 \end{matrix}}$$

$$= \frac{x}{\begin{matrix} -5 & -4 \\ -8 & -5 \end{matrix}} = \frac{y}{\begin{matrix} -4 & 2 \\ -5 & 3 \end{matrix}} = \frac{1}{\begin{matrix} 2 & -5 \\ 3 & -8 \end{matrix}}$$

$$= \frac{x}{25 - 32} = \frac{y}{-12 - (-10)} = \frac{1}{(-16) - (-15)}$$

$$= \frac{x}{25 - 32} = \frac{y}{-12 + 10} = \frac{1}{-16 + 15}$$

$$= \frac{x}{-7} = \frac{y}{-2} = \frac{1}{-1}$$

$\therefore \frac{x}{-7} = \frac{1}{-1}$ or $\frac{y}{-2} = \frac{1}{-1}$

$\therefore x = \frac{-7}{-1}$ or $y = \frac{-2}{-1}$

$\therefore x = 7$ or $y = 2$

**$\therefore$ ઉકેલ ગણ $\{(7, 2)\}$**

**સ્વપ્રયત્ને કરો :** (૧) $3x - 4y = 17, 4x - 5y = 21$

(૨) $4x + 6y = 11, 5x - 8y = 6$

**(૩) આદેશની રીતે ઉકેલો. $2x + 3y = 11, 2x - y = -1$**

ઉકેલ : અહી, $2x - y = -1$

$\therefore y = 2x + 1$ ...........(1)

yની કિંમત સમી.$2x + 3y = 11$ માં મુકતા .....

$2x + 3(2x + 1) = 11$

$\therefore \quad 2x + 6x + 3 = 11$

$\therefore \quad 8x = 11 - 3$

$\therefore \quad 8x = 8 \quad \therefore \quad$ **$x = 1$**

સમી.(1) માં $x = 1$ ની કિંમત મુકતા...

$y = 2(1) + 1$

$\therefore \quad y = 2 + 1 \quad \therefore \quad$ **$y = 3$**

**$\therefore$ ઉકેલ ગણ $\{(1, 3)\}$**

**સ્વપ્રયત્ને કરો :** (૧) $5x - 3y = 1, 2x + 5y = 19$
(૨) $x + 11y = 1, 8x + 13y = 2$

**(૪) બે સંખ્યાઓનો સરવાળો 70 છે. અને તેમનો ધન તફાવત 6 હોય તો તે સંખ્યા શોધો.**

ઉકેલ : ધારો કે તે બે સંખ્યાઓ પૈકી મોટી સંખ્યા = x અને નાની સંખ્યા = y

$\therefore \quad x + y = 70$ ...........(1)

$\therefore \quad x - y = 6$ ...............(2)

સમી. (1) અને સમી. (2)નો સરવાળો કરતા.

$x + y = 70$

$x - y = 6$

$2x = 76$

$\therefore \quad x = \frac{76}{2} \qquad \therefore \quad \mathbf{x = 38}$

સમી.(1) માં $x = 38$ મુકતા...

$38 + y = 70$

$\therefore \quad y = 70 - 38 \quad \therefore \quad \mathbf{y = 32}$

$\therefore$ **તે બે સંખ્યાઓ 38 અને 32 છે.**

**સ્વપ્રયત્ને કરો :** (૧) એક ટેબલની કિમત એક ખુરસીની કિંમત કરતા ત્રણ ગણી છે, ચાર ખુરસી અને એક ટેબલની કુલ કિંમત રૂ. 2100 છે. તો એક ટેબલ અને એક ખુરસીની કિંમત શોધો.
(૨) બે અંકોની એક સંખ્યાના દશકનો અંક એકમના અંક કરતા 3 ગણો છે. સંખ્યાના અંકોની અદલાબદલી કરતા મળતી નવી સંખ્યા મૂળ સંખ્યા કરતા 54 જેટલી નાની હોય તો તે સંખ્યા શોધો.

## પ્રકરણ 04 : દ્વિઘાત સમીકરણ

(ગુણભાર :– ૮)

નોંધ :– આ પ્રકરણ માંથી ૫ વિકલ્પો અને ૩ ગુણનો એક દાખલો પુછાય છે.

**(૧) વ્યાપક સુત્રની રીતે ઉકેલો. $x^2 - 5x - 1 = 0$**

ઉકેલ : પ્રમાણિત સ્વરૂપ સાથે સરખાવતા..... $a = 1, b = -5, c = -1$

વિવેચક $D = b^2 - 4ac$

$= (-5)^2 - 4(1)(-1)$

$= 25 + 4 \qquad = 29 > 0$

અહીં, $D > 0$ હોવાથી દ્વિઘાત સમી.ના બન્ને બીજ ભિન્ન અને વાસ્તવિક મળે...

$\alpha = \frac{-b + \sqrt{D}}{2a} \qquad \beta = \frac{-b - \sqrt{D}}{2a}$

$\alpha = \frac{-(-5) + \sqrt{29}}{2(1)} \qquad \beta = \frac{-(-5) - \sqrt{29}}{2(1)}$

$$\alpha = \frac{5+\sqrt{29}}{2} \qquad \beta = \frac{5-\sqrt{29}}{2}$$

આપેલ દ્વિઘાત સમી.ના બન્ને બીજ $\boldsymbol{\alpha = \frac{5+\sqrt{29}}{2}}$ અને $\boldsymbol{\beta = \frac{5-\sqrt{29}}{2}}$ છે.

**સ્વપ્રયત્ને કરો :** (૧) $x^2 + 2x + 2 = 0$

(૨) $y^2 + 10y + 6 = 0$

**(૨) અવયવની રીતે ઉકેલો. $4x^2 + 4x = 15$**

ઉકેલ : $4x^2 + 4x = 15$

$\therefore \quad 4x^2 + 4x - 15 = 0$

$\therefore \quad 4x^2 + 10x - 6x - 15 = 0$

$\therefore \quad 2x(2x + 5) - 3(2x + 5) = 0$

$\therefore \quad (2x - 3)(2x + 5) = 0$

$\therefore \quad (2x - 3) = 0$ અથવા $(2x + 5) = 0$

$\therefore \quad 2x = 3$ અથવા $2x = -5$

$\therefore \quad x = \frac{3}{2}$ અથવા $x = \frac{-5}{2}$

આમ, ઉકેલ $\boldsymbol{\frac{3}{2}}$ અને $\boldsymbol{\frac{-5}{2}}$ છે.

**સ્વપ્રયત્ને કરો :** (૧) $x - \frac{1}{x} = \frac{45}{14}$

(૨) $\frac{x^2-1}{x^2+1} = \frac{7}{9}$

**(૩) બે ક્રમિક યુગ્મ પ્રાકૃતિક સંખ્યાઓના વર્ગોનો ગુણાકાર 244 હોય તો તે સંખ્યાઓ શોધો.**

ઉકેલ : ધારો કે એક યુગ્મ પ્રાકૃતિક સંખ્યા $= x$

તેથી બીજી ક્રમિક યુગ્મ પ્રાકૃતિક સંખ્યા $x + 2$ થાય.

બે ક્રમિક યુગ્મ પ્રાકૃતિક સંખ્યાઓના વર્ગોનો ગુણાકાર 244 છે.

$\therefore \quad x^2 + (x + 2)^2 = 244$

$\therefore \quad x^2 + x^2 + 4x + 4 = 244$

$\therefore \quad 2x^2 + 4x = 244 - 4$

$\therefore \quad 2x^2 + 4x = 240$

$\therefore \quad x^2 + 2x = 120$

$\therefore \quad x^2 + 2x - 120 = 0$

$\therefore \quad (x + 12)(x - 10) = 0$

$\therefore \quad (x + 12) = 0$ or $(x - 10) = 0$

$\therefore \quad x = -12$ or $x = 10$

પરંતુ $x \neq -12$ તેથી $\mathbf{x = 10}$

$\therefore$ એક યુગ્મ પ્રાકૃતિક સંખ્યા 10 અને બીજી ક્રમિક યુગ્મ પ્રાકૃતિક સંખ્યા 12 છે.

**સ્વપ્રયત્ને કરો :** (૧) એક કાટકોણ ત્રિકોણમાં બાજુઓની લંબાઈ x, x + 3 અને x + 6 (જ્યાં x∈N) છે. જો ત્રિકોણનું ક્ષેત્રફળ 54 સેમી. હોય તો ત્રિકોણની પરિમિતિ શોધો.

(૨) જો ખાંડના ભાવમાં પ્રતિ કિગ્રા રૂ. 5 નો ઘટાડો થાય તો રૂ. 150માં 1 કિગ્રા ખાંડ વધુ મળે છે. તો ખાંડનો ભાવ શોધો.

(૩) એક વેપારી ફુલદાની રૂ. 96માં વેંચે તો તેને તેની પડતર કિંમત જેટલા ટકા નફો મળે છે. તો ફુલદાનીની પડતર કિંમત અને નફાની ટકાવારી શોધો.

# પ્રકરણ 05 : સમાંતર શ્રેણી

(ગુણભાર :– ૫)

નોંધ :– આ પ્રકરણ માંથી ૩ વિકલ્પો અને ૨ ગુણનો એક દાખલો પુછાય છે.

**(૧) સમાંતર શ્રેણી 5, 11, 17, 23 ........ નું 101મું પદ શોધો.**

ઉકેલ : અહીં, a = 5, d = 11 – 5 = 6, અને n = 101 માટે $T_{101} = ?$

સમાંતર શ્રેણીનું nમું પદ $T_n = a + (n - 1)d$

∴ $T_{101} = 5 + (101 - 1)6$

∴ $T_{101} = 5 + (100)6$

∴ $T_{101} = 5 + 600$

∴ $T_{101} = 605$

∴ સમાંતર શ્રેણીનું 101મું પદ **605** છે.

**સ્વપ્રયત્ને કરો :** (૧) સમાંતર શ્રેણી 2, 7, 12, 17 ........ નું nમું પદ શોધો.

(૨) સમાંતર શ્રેણી 8, 11, 14, 17 ........ નું કેટલામું પદ 272 થાય.

(૩) સમાંતર શ્રેણી -5, -15, -25, ........... નું 22મું પદ શોધો.

**(૨) સમાંતર શ્રેણી 2, 6, 10, 14 ........ ના 20 પદોનો સરવાળો શોધો.**

ઉકેલ : અહીં, a = 2, d = 6 – 2 = 4, અને n = 20 માટે $S_{20} = ?$

સમાંતર શ્રેણીના nપદ નો સરવાળો $S_n = \frac{n}{2}[2a + (n - 1)d]$

∴ $S_{20} = \frac{20}{2}[2(2) + (20 - 1)4]$

∴ $S_{20} = 10[4 + (19)4]$

∴ $S_{20} = 10[4 + 76]$

∴ $S_{20} = 10[80]$

∴ $S_{20} = 800$

∴ સમાંતર શ્રેણીના 20 પદ નો સરવાળો **800** છે.

**સ્વપ્રયત્ને કરો :** (૧) સમાંતર શ્રેણી 1, 1.5, 2, 2.5 ........ ના 16 પદોનો સરવાળો શોધો.

(૨) સરવાળો કરો : 7 + 12 + 17 + 22 + ....... + 102

(૩) સમાંતર શ્રેણી માટે $T_n = 6n + 5$ હોય તો Sn શોધો.

# પ્રકરણ 06 : ત્રિકોણની સમરૂપતા

(ગુણભાર :– ૫ અથવા ૮)

નોંધ :– આ પ્રકરણ માંથી ૩ વિકલ્પો અને ૫ ગુણનો એક પ્રમેય (જો પ્રમેય ન પુછાય તો ૨ ગુણનો દાખલો)પુછાય છે.

**(૧) પ્રમેય: (૬.૧) સપ્રમાણતાનું મૂળભુત પ્રમેય લખો અને સાબિત કરો.**

જો કોઈ રેખા ત્રિકોણની એક બાજુને સમાંતર હોય અને બાકીની બે બાજુઓને ભિન્ન બિંદુઓમાં છેદે તો આ રેખા વડે તે બે બાજુઓનું સમાન ગુણોતરમાં વિભાજન થાય છે.




**પક્ષ :** $\Delta ABC$ ના સમતલમાં દોરેલી રેખા $l \parallel \overline{BC}$ અને $l$ એ $\overline{AB}$ અને $\overline{AC}$ને અનુક્રમે P અને Qમાં છેદે છે.

**સાધ્ય :** $\frac{AP}{PB} = \frac{AQ}{QC}$

**સાબિતી :** ધારો કે $\overline{QM} \perp \overline{AB}$ અને$\overline{PN} \perp \overline{AC}$.

$\overline{BQ}$ અને $\overline{CP}$ દોરો. $M \in \overline{AB}$ અને $N \in \overline{AC}$

$\Delta APQ$ અને $\Delta PBQ$ માં

ત્રિકોણનું ક્ષેત્રફળ $= \frac{1}{2}$ x પાયો x વેધ

$\therefore$ $\Delta APQ$ નું ક્ષેત્રફળ $= \frac{1}{2} AP \times QM$..........................(1)

$\therefore$ $\Delta PBQ$ નું ક્ષેત્રફળ $= \frac{1}{2} PB \times QM$..........................(2)

પરિણામ (1) અને (2)નો ભાગાકાર કરતા...

$$\frac{\Delta APQ \text{ નું ક્ષેત્રફળ}}{\Delta PBQ \text{ નું ક્ષેત્રફળ}} = \frac{\cancel{\frac{1}{2}} AP \times \cancel{QM}}{\cancel{\frac{1}{2}} PB \times \cancel{QM}}$$

$$\frac{\Delta APQ \text{ નું ક્ષેત્રફળ}}{\Delta PBQ \text{ નું ક્ષેત્રફળ}} = \frac{AP}{PB} \quad ......................................(3)$$

$\Delta APQ$ અને $\Delta PCQ$ માં

$\therefore$ $\Delta APQ$ નું ક્ષેત્રફળ $= \frac{1}{2} AQ \times PN$..........................(4)

$\therefore$ $\Delta PCQ$ નું ક્ષેત્રફળ $= \frac{1}{2} QC \times PN$..........................(5)

પરિણામ (4) અને (5)નો ભાગાકાર કરતા...

$$\frac{\Delta APQ \text{ નું ક્ષેત્રફળ}}{\Delta PCQ \text{ નું ક્ષેત્રફળ}} = \frac{\cancel{\frac{1}{2}} AQ \times \cancel{PN}}{\cancel{\frac{1}{2}} QC \times \cancel{PN}}$$

$$\frac{\Delta APQ \text{ નું ક્ષેત્રફળ}}{\Delta PCQ \text{ નું ક્ષેત્રફળ}} = \frac{AQ}{QC} \quad ......................................(6)$$

પરંતુ $\Delta PBQ$ નું ક્ષેત્રફળ = $\Delta PCQ$ નું ક્ષેત્રફળ ......(7) ($\because \Delta PBQ$ અને $\Delta PCQ$ સમાન પાયા $\overline{PQ}$ પર અને બે સમાંતર રેખાની વચ્ચે આવેલા છે.)

પરિણામ (3) (6) અને (7) પરથી...

$$\frac{AP}{PB} = \frac{AQ}{QC}$$

**(૨) પ્રમેય: (૬.૭) સાબિત કરો કે બે સમરૂપ ત્રિકોણના ક્ષેત્રફળ તેમની અનુરૂપ બાજુઓના વર્ગના સપ્રમાણમાં હોય છે.**

**પક્ષ :** $\Delta ABC$ અને $\Delta ABC$ વચ્ચે સંગતતા $ABC \leftrightarrow PQR$ સમરૂપતા છે.

**સાધ્ય :** $\frac{ABC}{PQR} = \frac{AB^2}{PQ^2} = \frac{BC^2}{QR^2} = \frac{AC^2}{PR^2}$




**સાબિતી :** $\Delta ABC$ માં વેધ $\overline{AL}$ અને $\Delta PQR$ માં વેધ $\overline{PN}$ દોરો.

અહીં, $ABC \leftrightarrow PQR$ સમરૂપતા છે.

$\therefore \quad \frac{AB}{PQ} = \frac{BC}{QR}$ ......................(1)

$\Delta ABL$ અને $\Delta PQN$ માં....

$\angle B \cong \angle Q$ ......... (કાટખુણો)

$\angle ALB \cong \angle PNQ$

$\therefore \quad ABL \leftrightarrow PQN$ સમરૂપતા છે.

$\therefore \quad \frac{AB}{PQ} = \frac{AL}{PN}$ ..............................(2)

પરિણામ (1) અને (2)પર થી ... $\frac{AB}{PQ} = \frac{BC}{QR}$ .................(3)

હવે ત્રિકોણનું ક્ષેત્રફળ $= \frac{1}{2}$ x પાયો x વેધ મુજબ...

$$\frac{\Delta ABC \text{ નું ક્ષેત્રફળ}}{\Delta PQR \text{ નું ક્ષેત્રફળ}} = \frac{\frac{1}{2} BC \times AL}{\frac{1}{2} QR \times PN} = \frac{BC}{QR} \times \frac{AL}{PN} \quad ..........(4)$$

પરિણામ (3) અને (4)પર થી ..

$$\frac{\Delta ABC \text{ નું ક્ષેત્રફળ}}{\Delta PQR \text{ નું ક્ષેત્રફળ}} = \frac{BC}{QR} \times \frac{BC}{QR}$$

$\therefore \quad \frac{ABC}{PQR} = \frac{BC^2}{QR^2}$

$\therefore \quad \frac{ABC}{PQR} = \frac{AB^2}{PQ^2} = \frac{BC^2}{QR^2} = \frac{AC^2}{PR^2}$

**(૩) ΔABC અને ΔDEFમાં ABC↔DEF સમરૂપતા છે, જો 3AB = 5DE અને DF = 9 તો AC શોધો.**

ઉકેલ : અહીં, 3AB = 5DE $\therefore \frac{AB}{DE} = \frac{5}{3}$

અને ABC↔DEF સમરૂપતા છે.

$\therefore \frac{AB}{DE} = \frac{AC}{DF}$

$\therefore \frac{5}{3} = \frac{AC}{9}$

$\therefore AC = \frac{5 \times 9}{3} = 5 \times 3$

$\therefore \mathbf{AC = 15}$

**સ્વપ્રયત્ને કરો :** (૧) ΔXYZ અને ΔPQRમાં XYZ↔QPR સમરૂપતા છે, જો m∠X + m∠P= 130 અને ZX = YZ હોય તો ΔPQRના ખુણાઓના માપ શોધો.

(૨) ΔABC અને ΔPQRમાં ABC↔PQR સમરૂપતા છે, જો AB = 3, BC = 4, AC = 5 અને QR = 6 તો PQ અને PR શોધો.

(૩) ΔPQR અને ΔXYZમાં PQR↔ZYX સમરૂપતા છે, જો PQ : ZY = 5 : 3 અને PR = 10 તો XZ શોધો.

**(૪) ΔABC અને ΔPQRમાં ABC↔QPR સમરૂપતા છે, ΔABCની પરિમિતિ 15 અનેΔPQRની પરિમિતિ 27 છે. જો BC = 8, QR = 9 હોય તો PR અને AC શોધો.**

ઉકેલ : અહીં, ABC↔QPR સમરૂપતા છે,

$\frac{\Delta ABC \text{ ની પરિમિતિ}}{\Delta PQR \text{ ની પરિમિતિ}} = \frac{BC}{PR} = \frac{AC}{QR}$

$\therefore \frac{15}{27} = \frac{8}{PR} = \frac{AC}{9}$

$\therefore \frac{15}{27} = \frac{8}{PR}$ OR $\frac{15}{27} = \frac{AC}{9}$

$\therefore PR = \frac{8 \times 27}{15}$ OR $AC = \frac{15 \times 9}{27}$

$\therefore PR = 14.4$ OR $AC = 5$

**સ્વપ્રયત્ને કરો :** (૧) ΔABC અને ΔXYZમાં ABC↔XZY સમરૂપતા છે, ΔABCની પરિમિતિ 45 અને ΔXYZની પરિમિતિ 30 છે. જો AB = 21 હોય તો XZ શોધો.

(૨) ΔABC અને ΔPQRમાં ABC↔PQR સમરૂપતા છે, જો AB = 3, BC = 4, AC = 5 અને QR = 6 હોય તો PQ અને PR શોધો.

**(૩) ΔPQR માં ∠Pનો દ્વિભાજક $\overline{QR}$ ને Sમાં છેદે છે. PQ : PR = 5 : 4 અને SR = 5.6 સેમી હોય તો QR શોધો.**

ઉકેલ : અહીં, PQ : PR = 5 : 4 છે.

$\therefore \frac{PQ}{PR} = \frac{5}{4}$

ΔPQR માં ∠Pનો દ્વિભાજક $\overline{QR}$ ને Sમાં છેદે છે.

$\therefore \frac{PQ}{PR} = \frac{QS}{SR}$

$\therefore \quad \frac{5}{4} = \frac{QS}{5.6}$

$\therefore \quad QS = \frac{5 \times 5.6}{4}$

$\therefore \quad \mathbf{QS = 7}$

**સ્વપ્રયત્ને કરો :** (૧) $\Delta XYZ$ માં $\angle X$નો દ્વિભાજક $\overline{YZ}$ ને Mમાં છેદે છે. $XY = 6$, $YM = 4.2$ અને $XZ = 8$ સેમી હોય તો YZ શોધો.

(૨) $\Delta ABC$ માં $\angle A$નો દ્વિભાજક $\overline{BC}$ ને Dમાં છેદે છે. $AB : AC = 3 : 4$ અને $BC = 14$ સેમી હોય તો BD શોધો.

# પ્રકરણ 07 : સમરૂપતા અને પાયથાગોરસનું પ્રમેય

(ગુણભાર :– ૫ અથવા ૮)

નોંધ :– આ પ્રકરણ માંથી ૩ વિકલ્પો અને ૫ ગુણનો એક પ્રમેય (જો પ્રમેય ન પુછાય તો ૨ ગુણનો દાખલો) પુછાય છે.

**(૧) પ્રમેય: (ઉપપ્રમેય ૧) સાબીત કરો કે કાટકોણ ત્રિકોણના કર્ણ પર વેધ દોરેલ હોય તો વેધની લંબાઈ એ વેધથી બનતા કર્ણ ના રેખાખંડોની લંબાઈનો ગુણોતર મધ્યક છે અને દરેક બાજુની લંબાઈ એ કર્ણની લંબાઈ અને કર્ણના તે બાજુઓને સંલગ્ન રેખાખંડની લંબાઈનો ગુણોતર મધ્યક છે.**

**પક્ષ :** $\Delta ABC$ માં $\angle A$ કાટખુણો છે. જો $\overline{AD} \perp \overline{BC}$ અને $D \in \overline{BC}$ છે.




**સાધ્ય :** (1) $AB^2 = BD x BC$

(2) $AC^2 = DC x BC$

(3) $AD^2 = BD x DC$

**સાબિતી :** પ્રમેય 7.1 માં $\Delta ABC$ અને $\Delta ADB$ માં....

$ABC \leftrightarrow DBA$ સમરૂપતા છે....................(1)

$\therefore \quad \frac{AB}{DB} = \frac{BC}{AB}$

$\therefore \quad \mathbf{AB^2 = BD \times BC}$

$\Delta ABC$ અને $\Delta ADC$ માં....

$ABC \leftrightarrow DAC$ સમરૂપતા છે....................(2)

$\therefore \quad \frac{BC}{AC} = \frac{AC}{DC}$

$\therefore \quad \mathbf{AC^2 = DC \times BC}$

(1) અને (2) પરથી...

$DAC \leftrightarrow DBA$ સમરૂપતા છે.

$\therefore \quad \frac{DA}{DB} = \frac{DC}{DA}$

$\therefore \quad \mathbf{AD^2 = BD \times DC}$

**(૨) પ્રમેયઃ (૭.૨) સાબીત કરો કે કાટકોણ ત્રિકોણમાં કર્ણની લંબાઈનો વર્ગ બાકીની બે બાજુઓની લંબાઈઓના વર્ગોના સરવાળા બરાબર હોય છે.(પાયથાગોરસનું પ્રમેય)**

**પક્ષ :** $\Delta ABC$ માં $\angle A$ કાટખુણો છે. જો $\overline{AD} \perp \overline{BC}$ અને $D \in \overline{BC}$ છે.

**સાધ્ય :** $AB^2 + AC^2 = BC^2$




**સાબિતી :** ઉપપ્રમેય 1 મુજબ.....

$AB^2 = BD \times BC$ ............(1)

$AC^2 = DC \times BC$ .............(2)

પરિણામ (1) અને (2) નો સરવાળો કરતા...

$AB^2 + AC^2 = BD \times BC + DC \times BC$

$= BC(BD + DC)$

$= BC \times BC$ $(\because BD + DC = BC)$

$\mathbf{AB^2 + AC^2 = BC^2}$

**(૩) પ્રમેયઃ (૭.૩) (પાયથાગોરસનું પ્રતિપ્રમેય) સાબીત કરો કે જો $\Delta ABC$માં $BC^2 = AB^2 + AC^2$ તો $\angle A$ કાટખુણો છે.**

**પક્ષ :** $\Delta ABC$ માં $AB^2 + AC^2 = BC^2$

**સાધ્ય :** $\angle A$ કાટખુણો છે.







**સાબિતી :** ધારો કે $\overrightarrow{OX}$ કોઈ કિરણ છે.

આપણે એવું $\overrightarrow{OY}$ દોરીએ કે જેથી $\overrightarrow{OY} \perp \overrightarrow{OX}$ થાય.

$M \in \overrightarrow{OY}$ લઈએ કે જેથી $OM = AC$ .................(1)

$N \in \overrightarrow{OX}$ લઈએ કે જેથી $ON = AB$ .................(2)

$\Delta OMN$ કાટકોણ ત્રિકોણ છે. અને $\angle M$ કાટખુણો છે.

$\therefore$ $\overline{MN}$ કર્ણ છે. માટે પાયથાગોરસના નિયમ મુજબ

$MN^2 = OM^2 + ON^2 = AC^2 + AB^2$

પરંતુ $AB^2 + AC^2 = BC^2$

$\therefore$ $MN^2 = BC^2$

$\therefore$ $MN = BC$ .............................(3)

પરિણામ (1), (2) અને (3)પરથી..

$ABC \leftrightarrow ONM$ સમરૂપતા છે. $(\because$ બાબાબા સરત)

$\therefore$ $\angle O \cong \angle A$

$\therefore$ $\angle A$ કાટખુણો છે.

**(૪) ΔABC માં m∠B = 90 અને BM વેધ છે, જો AM – CM = 7 અને $AB^2 - BC^2 = 175$ તો AC શોધો.**

ઉકેલ : અહી ગુણોત્તર મધ્યકના પ્રમેય મુજબ..

$AB^2 = AM \times AC$ અને $BC^2 = CM \times AC$

$BC^2 = AM \times AC - CM \times AC$

$\therefore AB^2 - BC^2 = AC(AM - CM)$

$\therefore 175 = AC(7)$

$\therefore AC = \frac{175}{7}$

$\therefore$ **AC = 25**




**સ્વપ્રયત્ને કરો :** (૧) ΔPQR માં m∠Q = 90 અને QM વેધ છે, જો PM = 8, RM = 12 તો PQ, QR અને QM શોધો.

(૨) ΔABC માં m∠B = 90 અને BD વેધ છે, જો AD = 9, CD = 27 તો AB શોધો.

**(૫) ΔABC માં m∠B = 90 છે, જો AB = 8, AC = 17 તો BC શોધો.**

ઉકેલ : અહી પાયથાગોરસના નિયમ મુજબ ..

$AC^2 = AB^2 + BC^2$

$\therefore \quad (17)^2 = (8)^2 + BC^2$

$\therefore \quad 289 = 64 + BC^2$

$\therefore \quad BC^2 = 289 - 64$

$\therefore \quad BC^2 = 225$

$\therefore$ **BC = 15**




**સ્વપ્રયત્ને કરો :** (૧) ΔABC માં ∠A = ∠B + ∠C છે. જો AB = 7 અને BC = 25 તો ΔABC પરિમિતિ શોધો.

(૨) □PQRS લંબચોરસ છે. જો PQ + QR = 7 અને PR + QS = 10 તો □PQRSનું ક્ષેત્રફળ શોધો.

(૩) 6.5 મી. લંબાઈની નિસરણી દિવાલને 6 મી. ઉંચાઈએ સ્પર્શે છે. તો જમીન પરના નિસરણીના છેડાથી દિવાલ સુધીનું અંતર શોધો.

## પ્રકરણ 08 : યામભૂમિતિ

(ગુણભાર :– ૬)

નોંધ :– આ પ્રકરણ માંથી ૪ વિકલ્પો અને ૨ ગુણનો એક દાખલો પુછાય છે.

**(૧) સાબિત કરો કે P(2, -1), Q(1, -4) અને R(3, 2) સમરેખ બિંદુઓ છે.**

ઉકેલ : અહી,અંતર સુત્ર મુજબ...

$PQ^2 = (X_1 - X_2)^2 + (Y_1 - Y_2)^2$

$= (2 - 1)^2 + (-1 - (-4))^2$

$= (1)^2 + (3)^2$

$= 1 + 9$

$PQ^2 = 10 \quad \therefore \quad \mathbf{PQ = \sqrt{10}}$

$QR^2 = (1 - 3)^2 + (-4 - 2)^2$

$= (-2)^2 + (-6)^2$

$= 4 + 36$

$QR^2 = 40 \quad \therefore \quad \mathbf{QR = 2\sqrt{10}}$

$PR^2 = (2 - 3)^2 + (-1 - 2)^2$

$= (-1)^2 + (-3)^2$

$= 1 + 9$

$PR^2 = 10 \quad \therefore \quad \mathbf{PR = \sqrt{10}}$

અહીં, $\mathbf{PQ + PR = QR}$

માટે P(2, -1), Q(1, -4) અને R(3, 2) સમરેખ બિંદુઓ છે.

**સ્વપ્રયત્ને કરો :** (૧) સાબિત કરો કે બિંદુઓ A(3, 2), B(5, 8) અને C(-6, 5) એ કાટકોણ ત્રિકોણના શિરોબિંદુઓ છે.

(૨) A(5, 2), B(3, 4) અને C(X, Y) સમરેખ બિંદુઓ છે. જો BA=BC તો (X, Y) ના યામ શોધો.

(૩) P(3, 2) અને Q(7, k) માટે PQ = 5 હોય તો k શોધો.

**(૨) A(3, 5), B(2, -1) અને C(-5, 6) તો ΔABC નું ક્ષેત્રફળ શોધો.**

ઉકેલ : ΔABC નું ક્ષેત્રફળ $= \frac{1}{2}|X_1(Y_2 - Y_3) + X_2(Y_3 - Y_1) + X_3(Y_1 - Y_2)|$

$= \frac{1}{2}|3(-1 - 6) + 2(6 - 5) + (-5)(5 - (-1))|$

$= \frac{1}{2}|3(-7) + 2(1) - 5(6)|$

$= \frac{1}{2}|-21 + 2 - 30|$

$= \frac{1}{2}|-49|$

$= \frac{49}{2} = \mathbf{24.5}$

**સ્વપ્રયત્ને કરો :** (૧) A(4, 2), B(3, 9) અને C(10, 10) શિરોબિંદુઓ વાળા છે. ΔABCનું ક્ષેત્રફળ શોધો.

(૨) (9, a), (6, 7) અને (2, 3) ત્રિકોણના શિરોબિંદુઓ છે. જો ત્રિકોણનું ક્ષેત્રફળ 10 હોય તો a શોધો.

(૩) A અને B ના યામ અનુક્રમે (3, -6) અને (-2, -1) છે. ABનું A તરફથી 3 : 2 ગુણોતરમાં વિભાજન કરતા બિંદુના યામ શોધો.

# પ્રકરણ 09 : ત્રિકોણમિતિ

(ગુણભાર :– ૬)

નોંધ :– આ પ્રકરણ માંથી ૪ વિકલ્પો અને ૨ ગુણનો એક દાખલો પુછાય છે.

**(૧) જો $\sec 4A = \operatorname{cosec}(A-20)$, જ્યાં $4A$ એ લઘુકોણનું માપ હોય તો $A$ની કિંમત શોધો.**

ઉકેલ : અહીં, $\sec 4A = \operatorname{cosec}(A-20)$

$\therefore \quad \sec 4A = \sec(90 - (A-20)$

$\therefore \quad \sec 4A = \sec(90 - A + 20)$

$\therefore \quad \sec 4A = \sec(110 - A)$

$\therefore \quad 4A = 110 - A$

$\therefore \quad 4A + A = 110$

$\therefore \quad 5A = 110$

$\therefore \quad A = \frac{110}{5} = \mathbf{22}$

**સ્વપ્રયત્ને કરો :** (૧) $\frac{\sin 18}{\cos 72} + \sqrt{3}(\tan 10 \tan 30 \tan 45 \tan 50 \tan 80)$ ની કિંમત શોધો.

(૨) જો $0<\theta<90$ અને $\sec\theta = \operatorname{cosec}60$ તો $2\cos^2\theta$-1 ની કિંમત શોધો.

(૩) કિંમત શોધો. $3\cos^2 30 + \sec^2 30 + 2\cos 0 + 3\sin 90 - \tan^2 60$

**(૨) $\frac{1}{1+\sin\theta} + \frac{1}{1-\sin\theta} = 2\sec^2\theta$ સાબિત કરો.**

ઉકેલ : અહીં, ડાબા. $= \frac{1}{1+\sin\theta} + \frac{1}{1-\sin\theta}$

$= \frac{(1-\sin\theta)+(1+\sin\theta)}{(1+\sin\theta)(1-\sin\theta)}$

$= \frac{2}{(1-\sin\theta^2)}$

$= \frac{2}{\cos\theta^2}$

$= \mathbf{2\sec^2\theta}$

**= જબા.**

**સ્વપ્રયત્ને કરો :** (૧) $\sqrt{\frac{1-\sin\theta}{1+\sin\theta}} = \sec\theta - \tan\theta$ સાબિત કરો.

(૨) સાબિત કરો કે $(\sin\theta + \operatorname{cosec}\theta)^2 + (\cos\theta + \sec\theta)^2 = 7+\tan^2\theta+\cot^2\theta$

(૩) સાબિત કરો કે $\frac{\sin^2\theta}{1+\cos\theta} + \frac{\sin^2\theta}{1-\cos\theta} = 2$

# પ્રકરણ 10 : અંતર અને ઉંચાઈ

(ગુણભાર :– ૬)

નોંધ :– આ પ્રકરણ માંથી ૩ વિકલ્પો અને ૩ ગુણનો એક દાખલો પુછાય છે.

**(૧) સૂર્યના ઉત્સેધકોણનું માપ 30˚ હોય ત્યારે ટાવરના પડછાયાની લંબાઈમાં 27 મી છે. સૂર્યના ઉત્સેધકોણનું માપ 60˚ હોય ત્યારે ટાવરના પડછાયાની લંબાઈ શોધો.**

ઉકેલ : અહી, આકૃતિમાં $\overline{AB}$ ટાવર છે. સૂર્યનો ઉત્સેધકોણ 30 હોય ત્યારે ટાવરનો પડછાયો $\overline{CB}$ છે.

∴ $\angle ACB = 30$, $\angle B = 90$ અને $CB = 27$ મી.

સૂર્યનો ઉત્સેધકોણ 60 હોય ત્યારે ટાવરનો પડછાયો $\overline{DB}$ છે.

કાટકોણ $\Delta ACB$ માં, $\tan 30 = \frac{AB}{CB}$

∴ $\frac{1}{\sqrt{3}} = \frac{AB}{27}$

∴ $AB = \frac{27}{\sqrt{3}} = \frac{9\times3}{\sqrt{3}} = \frac{9\times\sqrt{3}\times\sqrt{3}}{\sqrt{3}} = 9\sqrt{3}$




હવે, કાટકોણ $\Delta ADB$ માં, $\tan 60 = \frac{AB}{DB}$

∴ $\sqrt{3} = \frac{9\sqrt{3}}{DB}$

∴ $DB = \frac{9\sqrt{3}}{\sqrt{3}}$

∴ $DB = 9$ મી.

સૂર્યના ઉત્સેધકોણનું માપ 60˚ હોય ત્યારે ટાવરના પડછાયાની લંબાઈ **9 મી.** થાય.

**(૨) એક ટાવર પર h લંબાઇનો એક ધ્વજ દંડ આવેલો છે. જો ધ્વજ દંડની ટોચ અને તળીયાના ઉત્સેધકોણ જમીન પર ના કોઈ બિંદુએ થી માપતા અનુક્રમ $\alpha$ અને $\beta$ માલુમ પડે છે. તો ટાવર ની ઊંચાઇ $\frac{h\tan\beta}{\tan\alpha - \tan\beta}$ છે તેમ સાબીત કરો. જયાં $\alpha > \beta$**

ઉકેલ : અહી, આકૃતિમાં $\overline{BC}$ ટાવર છે. અને $\overline{AC}$ ધ્વજદંડ છે.

A ધ્વજદંડની ટોચ તથા B ધ્વજદંડનું તળીયું છે.

∴ ધ્વજદંડની લંબાઈ $AB = h$ મી. અને $\angle C = 90$

D જમીન પરનું એવું બિંદુ છે. કે જયાંથી ધ્વજદંડની ટોચ અને તળીયાના ઉત્સેધકોણ અનુક્રમે $\alpha$ અને $\beta$ છે.

∴ $\angle ADC = \alpha$ અને $\angle BDC = \beta$




કાટકોણ $\Delta ADB$ માં, $\tan\alpha = \frac{AC}{DC}$ ...........(1)

અને કાટકોણ $\Delta BDC$ માં, $\tan\beta = \frac{BC}{DC}$ ...........(2)

પરિણામ (1) અને (2) ની બાદબાકી કરતા..

$$\tan\alpha - \tan\beta = \frac{AC}{DC} - \frac{BC}{DC} = \frac{AC-BC}{DC} = \frac{AB}{DC} = \frac{h}{DC}$$

$$\therefore \quad \tan\alpha - \tan\beta = \frac{h}{DC}$$

$$\therefore \quad DC = \frac{h}{\tan\alpha - \tan\beta} \quad \ldots\ldots\ldots\ldots(3)$$

હવે, $\tan\beta = \frac{BC}{DC}$

$$\therefore \quad BC = DC\tan\beta$$

$$\therefore \quad BC = \frac{h}{\tan\alpha - \tan\beta}\tan\beta \quad \left(\because DC = \frac{h}{\tan\alpha - \tan\beta}\right)$$

$$\therefore \quad BC = \frac{h\tan\beta}{\tan\alpha - \tan\beta}$$

તેથી ટાવર ની ઊંચાઇ $\mathbf{\frac{h\tan\beta}{\tan\alpha - \tan\beta}}$ છે.

**સ્વપ્રયત્ને કરો :** (૧) h લંબાઈના પુલ નીચે ખીણમાં એક મકાન આવેલુ છે. પુલ ના બન્ને છેડે થી વારાફરતી ખીણમાં જોતા મકાનની છતના અવશેધકોણ α અને β માલુમ પડે છે. તો પુલથી મકાનની ઊંડાઈ $\frac{h(\tan\alpha\ \tan\beta)}{\tan\alpha + \tan\beta}$ સાબીત કરો.

(૨) ટાવરના તળીએથી પસાર થતી રેખા પર ટાવરની એક જ બાજુએ આવેલા બે બિંદુઓના ટાવરથી અંતર અનુક્રમે a અને b છે. જો આ બિંદુઓથી ટાવરની ટોચના ઉત્સેધકોણ એકબીજાના કોટીકોણ હોય તો ટાવરની ઊંચાઇ $\sqrt{ab}$ છે તેમ સાબીત કરો.

(૩) h જેટલી શિરોલંબ ઉંચાઈ પર ઉડી રહેલા જેટ વિમાનમાંથી જમીન પર રહેલી બે ટેન્કના અવશેધકોણ $\alpha$ અને $\beta(\alpha>\beta)$ માલુમ પડે છે. તો બે ટેન્ક વચ્ચેનું અંતર $\frac{h(\tan\alpha - \tan\beta)}{\tan\alpha\ \tan\beta}$ સાબીત કરો.

(૪) એક બહુમાળી ઈમારતની 40મી ઉંચાઈએ આવેલી બારીમાંથી જોતા ટાવરની ટોચનો ઉત્સેધકોણ 45 જણાય છે. અને ઈમારતના તળીયેથી જોતા ટાવરની ટોચનો ઉત્સેધકોણ 60 છે. તો ટાવરની ઉંચાઈ શોધો.

# પ્રકરણ 11 : વર્તુળ

(ગુણભાર :– ૬)

નોંધ :– આ પ્રકરણ માંથી ૨ વિકલ્પો અને ૪ ગુણનો એક પ્રમેય/દાખલો પુછાય છે.

**(૧) પ્રમેય: (૧૧.૧) સાબીત કરો કે વર્તુળનો સ્પર્શક સ્પર્શબિંદુ માથી પસાર થતી ત્રિજયાને સમતલમાં લંબ હોય છે.**

**પક્ષ :** રેખા l એ $\odot(O,r)$ ને A બિંદુએ સ્પર્શે છે.

**સાધ્ય :** $\overline{OA} \perp l$

**સાબિતી :** ધારો કે $P \in l$ અને $P \neq A$



જો P બિંદુ એ ⨀(O,r)ના અંદરના ભાગમાં હોય તો રેખા $l$ એ વર્તુળની છેદીકા હોય, સ્પર્શક ન હોય. પરંતુ $l$ વર્તુળનો સ્પર્સક છે.

∴ બિંદુ P વર્તુળના અંદરના ભાગમાં નથી. ઉપરાંત $P \neq A$

∴ બિંદુ P વર્તુળના બહારના ભાગમાં છે.

∴ $PO > OA$ (OA વર્તુળની ત્રિજ્યા છે.)

તેથી A સિવાયના દરેક $P \in l$ માટે બિંદુ P, અસમતા $PO > OA$નું સમાધાન કરે છે.

∴ $\overline{OA} \perp l$

**(૨) પ્રમેયઃ (૧૧.૩) સાબીત કરો કે વર્તુળના બહારના ભાગમાં આવેલા બિંદુમાંથી વર્તુળને દોરેલા સ્પર્સકોની લંબાઈ સમાન હોય છે.**

**પક્ષ :** ⨀(O,r) ના બહારના ભાગમાં આવેલા બિંદુ P માંથી વર્તુળને દોરેલા સ્પર્સકોના સ્પર્શબિંદુ X અને Y છે.




**સાધ્ય :** $PX = PY$

**સાબિતી :** PO રચો.

$\Delta OPX$ અને $\Delta OPY$ માં

$\angle OXP \cong \angle OYP$ (કાટખુણા છે.)

$OP \cong OP$ અને $OX \cong OY$ (ત્રિજ્યા)

∴ $OPX \leftrightarrow OPY$ સમરૂપતા છે.(∵ કાકબા)

∴ $PX \cong PY$

**(૩) વર્તુળના કેન્દ્ર O માથી પસાર થતી એક રેખા વર્તુળના એક સ્પર્સકને Qમાં છેદે છે. સ્પર્સકનું સ્પર્સબિંદુ P છે, જો વર્તુળની ત્રિજ્યા 5 અને OQ = 13 હોય તો PQ શોધો.**

ઉકેલ : $\Delta OPQ$ માં $m\angle P = 90$ છે, તેથી પાયથાગોરસના નિયમ મુજબ ..

$OQ^2 = OP^2 + PQ^2$

∴ $(13)^2 = (5)^2 + PQ^2$

∴ $169 = 25 + PQ^2$

∴ $PQ^2 = 169 - 25$

∴ $PQ^2 = 144$

∴ $\mathbf{PQ = 12}$

**સ્વપ્રયત્ને કરો :** (૧) $\Delta ABC$ માં $m\angle B = 90$, એક વર્તુળ $\Delta ABC$ ની બધીજ બાજુઓને સ્પર્સે છે. જો $AB = 5$, $BC = 12$ હોય તો વર્તુળનો ત્રિજ્યા શોધો.

(૨) બે સમકેન્દ્રિય વર્તુળોની ત્રિજ્યાઓ 26 અને 24 છે, મોટી ત્રિજ્યા વાળા વર્તુળની જીવા નાની ત્રિજ્યાવાળા વર્તુળને સ્પર્સે છે. તો જીવાની લંબાઈ શોધો.

**(૪) $\Delta ABC$ માં $m\angle B = 90$, એક વર્તુળ $\Delta ABC$ ની બધીજ બાજુઓને સ્પર્સે છે. જો $AB = 5$, $BC = 12$ હોય તો વર્તુળનો ત્રિજ્યા શોધો.**

ઉકેલ : $\Delta ABC$ માં $m\angle B = 90$ છે, તેથી પાયથાગોરસના નિયમ મુજબ ..

$AC^2 = AB^2 + BC^2$

$= (5)^2 + (12)^2$

$= 25 + 144$

∴ $AC^2 = 169$

∴ $\mathbf{AC = 13}$

ત્રિજ્યા $= \dfrac{AB+BC-AC}{2}$

$= \dfrac{5+12-13}{2}$

$= \frac{4}{2} = \mathbf{2}$

**સ્વપ્રયત્ને કરો :** (૧) $\odot(O, 24)$ ના બહારના ભાગમાં આવેલ બિંદુ છે. p માથી વર્તુળને દોરેલા સ્પર્શકો વર્તુળને Qમાં સ્પર્શે છે, જો $OP = 25$ તો QP શોધો.

(૨) એક વર્તુળ □ABCD ની ચારે બાજુઓને એક વર્તુળ સ્પર્શે છે. જો $AB = 5$, $CD = 6$, $BC = 8$ હોય તો AD શોધો.

# પ્રકરણ 12 : રચના

(ગુણભાર :– ૫)

નોંધ :– આ પ્રકરણ માંથી ૫ ગુણની એક રચના પુછાય છે.

## (૧) કોઈ પણ લંબાઈનો AB દોરી તેનું 2:3:4 ગુણોતરમાં વિભાજન કરો.

**પક્ષ :** $\overline{AB}$ આપેલો છે.

**કૃત્ય :** $\overline{AB}$ ને ત્રણ રેખાખંડોમાં વિભાજીત કરીશું જેથી તેમની લંબાઈનો ગુણોતર 2:3:4 થાય.




**રચનાના મુદદા :** $\overline{AB}$ સાથે લઘુકોણ બનાવે તેવું $\overrightarrow{AX}$ રચો.

- $\frac{1}{9}$ AC કરતા ઓછી, અનુકુળ ત્રિજ્યા લઈ Aને કેન્દ્ર લઈ એક ચાપ રચો. જે $A_1$માં છેદે છે.
- તે જ રીતે $A_1$ કેન્દ્ર લઈ એટલા જ માપની ત્રિજ્યા થી $A_2$માં છેદતું ચાપ લગાવો કે જેથી
- $A-A_1-A_2$ થાય.

- તેજ મુજબ આગળ વધતા અનુક્રમે 9 બિંદુઓ એવા રચો કે જેથી $AA_1 = A_1A_2 = A_2A_3 =$ ............... $= A_7A_8$
- $A_9B$ રચો.
- $A_5$ માથી $A_9B$ને સમાંતર રેખા દોરો જે AB ને Qમાં છેદે છે. અને $A_2$ માથી $A_5Q$ને સમાંતર રેખા દોરો જે AB ને Pમાં છેદે છે.
- આ બિંદુ P અને Q એ ABનું 2:3:4 ના ગુણોતરમાં વિભાજન કરે છે.

**સ્વપ્રયત્ને કરો :** (૧) 6.5 સેમી લંબાઈનો PQ દોરી તેનું 4:7 ગુણોતરમાં વિભાજન કરો. અને બન્ને ભાગના માપ જણાવો.

(૨) આપેલ રેખાખંડના ત્રણ એકરૂપ ભાગમાં વિભાજન કરો.

**(૨) ⊙(O, 4) દોરો. OA = 10 થાય તેવું બિંદુ A માથી વર્તુળને સ્પર્સકો દોરો.**




**રચનાના મુદ્દા** : ⊙(O, 4) રચો.

- OA = 10 થાય તેવું બિંદુ A રચો.
- OAનો લંબદ્વિભાજક રચી M મેળવો.
- ⊙(M, OM) રચો. જે O કેન્દ્રીત વર્તુળને X અને Y માં છેદે છે.
- $\overrightarrow{AX}$ અને $\overrightarrow{AX}$ દોરો જે માગેલ સ્પર્સકો છે.

**સ્વપ્રયત્ને કરો :** (૧) બંગળીની મદદથી વર્તુળ દોરી તેના બહારના ભાગમાં આવેલા બિંદુ પરથી વર્તુળને સ્પર્સકોની એક જોડ દોરો.

(૨) AB =10 સેમી થાય તેવો AB દોરો. ⊙(A, 3) અને ⊙(B, 4) દોરો. દરેક વર્તુળને બીજા વર્તુળના કેન્દ્રમાંથી સ્પર્સકો દોરો.

(૩) ⊙(O, 4) રચો. અને વર્તુળના બહારના બિંદુ A માંથી વર્તુળને એવા સ્પર્સકો દોરો કે જેમના વચ્ચેના ખુણાનું માપ 60 થાય.

# પ્રકરણ 13 : વર્તુળ સંબંધિત ક્ષેત્રફળ

(ગુણભાર :– ૮)

નોંધ :– આ પ્રકરણ માંથી ૪ કે ૫ વિકલ્પો અને ૩ કે ૪ ગુણનો એક દાખલો પુછાય છે.

**(૧) 42 સેમી. ત્રિજ્યા ધરાવતા વર્તુળના કેન્દ્ર આગળ વર્તુળનો લઘુવૃત 120 માપનો ખૂણો આંતરે તો લઘુવૃતાંશનું ક્ષેત્રફળ શોધો.**

ઉકેલ : $\odot(O, 42)$ અને $m\angle AOB = 120$ છે.




લઘુવૃતાંશનું ક્ષેત્રફળ $= \frac{\pi r^2\theta}{360}$

$= \frac{22}{7} \times \frac{42\times42\times120}{360}$

$= \frac{22}{7} \times 14 \times 42$

$= 22 \times 84$

**= 1848 ચો. સેમી.**

**સ્વપ્રયત્ને કરો :** (૧) OA અને OB એક વર્તુળની પરસ્પર લંબ ત્રિજ્યાઓ છે. જો લઘુવૃતાંશની પરિમિતિ 20 સેમી. હોય તો તેને અનુરૂપ લઘુવૃતખંડનું ક્ષેત્રફળ શોધો.

(૨) એક વર્તુળ આકારના ખેતરને ખેડવાનો ખર્ચ રૂ. 0.75 પ્રતિ મી$^2$. ના દરે રૂ. 4158 થાય તો આ ખેતરની ફરતે વાડ કરવાનો ખર્ચ રૂ. 30 પ્રતિ મી. મુજબ કેટલો થાય.

(૩) એક વર્તુળાકાર ઘડીયાલના મિનિટ કાંટાની લંબાઈ 10 સેમી. છે. મિનિટ કાંટાની હાલની સ્થિતિ અને 5 મિનિટ બાદની સ્થિતિથી બનતા વૃતાંશનું ક્ષેત્રફળ શોધો.

**(૨) સાયકલનું ટાયર 1 મિનિટમાં 140 ચક્કર લગાવે છે. જો ટાયરનો વ્યાસ 60 સેમી. હોય તો 2 કલાકમાં કેટલુ અંતર સાયકલ કાપી શકે.**

ઉકેલ : સાયકલનું ટાયર 1 ચક્કર લગાવે તો કાપેલું અંતર વર્તુળના પરિઘ જેટલું થાય.

અહીં, વ્યાસ 60 સેમી. તેથી ત્રિજ્યા $= \frac{60}{2} = 30$ સેમી.

તેથી વર્તુળનો પરિઘ $= 2\pi r = 2 \times \frac{22}{7} \times 30 = \frac{1320}{7}$ સેમી.

$\therefore$ 1 મિનિટમાં કાપેલું અંતર$=140 \times \frac{1320}{7} = 26400$ સેમી.

$\therefore$ 2 કલાકમાં કાપેલું અંતર $= 120 \times 26400 = 3168000$ સેમી.

$\therefore$ **31.68 કીમી.**



**સ્વપ્રયત્ને કરો :** (૧) 14 સેમી. બાજુ ધરાવતા ચોરસમાં દર્શાવેલ રંગીન પ્રદેશની ડિઝાઈન બનાવવાનો ખર્ચ રૂ. 25 પ્રતિ સેમી. મુજબ કેટલો થાય.

(૨) એક વૃતાંશ આકારના ખેતરની ત્રિજ્યા 21 મી. છે. ખેતરના એક ખુણે 6 મી. લાંબા દોરડાથી એક ગાય બાંધેલી છે. તો ગાયને ફરવા મળતા ભાગનું ક્ષેત્રફળ શોધો. જો દોરડાની લંબાઈ 2 મી. વધારવામાં આવે તો તેને ફરવા મળતા ભાગનું ક્ષેત્રફળ કેટલું વધશે.

# પ્રકરણ 14 : પૃષ્ઠફળ ઘનફળ

(ગુણભાર :– ૮)

નોંધ :– આ પ્રકરણ માંથી ૪ વિકલ્પો અને ૪ ગુણનો એક દાખલો પુછાય છે.

**(૧) એક શંકુની વક્રસપાટીનું ક્ષેત્રફળ 550 $cm^2$ અને પાયાના વર્તુળનો વ્યાસ 14 cm. છે તો તેનું કુલ ઘનફળ શોધો.**

ઉકેલ : અહીં, પાયાના વર્તુળનો વ્યાસ 14 cm. છે. ત્રિજ્યા $= \frac{14}{2} = 7$ સેમી.

શંકુની વક્રસપાટીનું ક્ષેત્રફળ $= \pi r l$

$\therefore \quad 550 = \frac{22}{7} \times 7 \times l$

$\therefore \quad l = \frac{550}{22} = 25$ સેમી.

હવે, $l^2 = r^2 + h^2$ મુજબ..

$(25)^2 = (7)^2 + h^2$

$\therefore \quad h^2 = 625 - 49 = 576$

$\therefore \quad h = 24$ સેમી.

$\therefore$ શંકુનું ઘનફળ $= \frac{1}{3}\pi r^2 h$

$= \frac{1}{3} \times \frac{22}{7} \times 7 \times 7 \times 24$

**= 1232 સેમી$^3$**

**સ્વપ્રયત્ને કરો :** (૧) એક શંકુની ઉંચાઈ અને તિર્યકઊંચાઇ અનુક્રમે 12 અને 20 સેમી. હોય તો શંકુનું ઘનફળ શોધો.

(૨) એક ગોલકની વક્રસપાટીનું ક્ષેત્રફળ 1256 $cm^2$ હોય તો ગોલકનું ઘનફળ શોધો.

**(૨) 6 સેમી. ત્રિજ્યા અને 14 સેમી ઉંચાઈવાળા ધાતુના શંકુને પીગાળીને 0.5 સેમી ત્રિજ્યાવાળા કેટલા ગોલક બનશે.**

ઉકેલ : અહીં, શંકુની ત્રિજ્યા R= 6 સેમી. અને ઉંચાઈ h = 14 સેમી.

ગોલકની ત્રિજ્યા r= 0.5 સેમી.

ગોલકની સંખ્યા $= \frac{\text{શંકુનું ઘનફળ}}{\text{ગોલકનું ઘનફળ}}$

$$= \frac{\frac{1}{3}\pi R^2 h}{\frac{4}{3}\pi r^3} = \frac{6^2 \times 14}{4 \times (0.5)^3} = 1008$$

તેથી ગોલકની સંખ્યા 1008 છે.

**સ્વપ્રયત્ને કરો :** (૧) શંકુ નીચે અર્ધગોલક લગાવેલ ઘન પદાર્થની કુલ વક્રસપાટીનું ક્ષેત્રફળ 361.1 $cm^2$ છે. જો શંકુની તિર્યક ઉંચાઈ 13 સેમી. હોય તો ઘન પદાર્થની કુલ ઉંચાઈ શોધો.

(૨) એક નળાકારના બન્ને છેડા અર્ધગોલકથી બંધ કરવામાં આવ્યા છે. જો નળાકારની ત્રિજ્યા 0.42 મી. અને ઉંચાઈ 3.84 મી. હોય તો તેમા કેટલા લીટર પેટ્રોલ ભરી શકાય.

(૩) એક નળાકારનો એક છેડો અર્ધગોલકથી બંધ કરવામાં આવ્યો છે. જો નળાકારની ત્રિજ્યા 4.2 સેમી. અને કુલ ઉંચાઈ 27.5 સેમી. હોય તો તેમા કેટલા લીટર પેટ્રોલ ભરી શકાય.

(૪) પેટ્રોલપંપની એક નળાકાર ટાંકીની ક્ષમતા 57750 લી. છે. જો તેનો વ્યાસ 3.5 મી. હોય તો ઉંચાઈ શોધો.

# પ્રકરણ 15 : આંકડાશાસ્ત્ર

(ગુણભાર :– ૮)

નોંધ :– આ પ્રકરણ માંથી ૩ વિકલ્પો અને ૨ અને ૩ ગુણના બે દાખલા પુછાય છે.

**(૧) નીચે આપેલા આવૃતિ વિતરણનો બહુલક શોધો.**

| વર્ગ | 0-20 | 20-40 | 40-60 | 60-80 | 80-100 | 100-120 |
|---|---|---|---|---|---|---|
| આવૃતિ | 26 | 31 | 35 | 42 | 82 | 71 |

અહીં, $l = 80, f_0 = 42, f_1 = 82, f_2 = 71, C = 20$

$$Z = l + \left[\frac{f_1 - f_0}{2f_1 - f_0 - f_2}\right] C$$

$$= 80 + \left[\frac{82-42}{2(82)-42-71}\right] 20$$

$$= 80 + \frac{40}{51} \times 20$$

$$= 80 + 15.69$$

$$\mathbf{= 95.69}$$

**સ્વપ્રયત્ને કરો :** (૧) નીચે આપેલા આવૃતિ વિતરણનો બહુલક શોધો.

| વર્ગ | ૦ – ૭ | ૭–૧૪ | ૧૪–૨૧ | ૨૧–૨૮ | ૨૮–૩૫ | ૩૫–૪૨ | ૪૨–૪૯ | ૪૯–૫૬ |
|---|---|---|---|---|---|---|---|---|
| આવૃતિ | ૨૬ | ૩૧ | ૩૫ | ૪૨ | ૮૨ | ૭૧ | ૫૪ | ૧૯ |

(૨) નીચે આપેલા આવૃતિ વિતરણમાં ૧૬૫ અવલોકનોનો બહુલક ૩૪.૫ હોય તો ખુટતી આવૃતિ શોધો.

| વર્ગ | ૫ – ૧૪ | ૧૪–૨૩ | ૨૩–૩૨ | ૩૨–૪૧ | ૪૧–૫૦ | ૫૦–૫૯ | ૫૯–૬૮ |
|---|---|---|---|---|---|---|---|
| આવૃતિ | ૫ | ૧૧ | a | ૫૩ | b | ૧૬ | ૧૦ |

**(૨) આવૃતિ વિતરણ પરથી મધ્યક શોધો.**

| વર્ગ | 0-10 | 10-20 | 20-30 | 30-40 | 40-50 | 50-60 | 60-70 |
|---|---|---|---|---|---|---|---|
| આવૃતિ | 4 | 8 | 3 | 20 | 3 | 4 | 8 |

અહીં, $A = 35, C = 10$ છે.

| વર્ગ | $f_i$ | $X_i$ | $d_i$ | $f_i d_i$ |
|---|---|---|---|---|
| 0-10 | 4 | 5 | -3 | -12 |
| 10-20 | 8 | 15 | -2 | -16 |
| 20-30 | 3 | 25 | -1 | -3 |
| 30-40 | 20 | 35 = A | 0 | 0 |
| 40-50 | 3 | 45 | 1 | 3 |
| 50-60 | 4 | 55 | 2 | 8 |
| 60-70 | 8 | 65 | 3 | 24 |
| | n = 50 | | | $\sum f_i x_i = 4$ |

હવે, મધ્યક $\bar{x} = A + \frac{\sum f_i d_i}{n} C$

$= 35 + \frac{4}{50} \times 10$

$= 35 + 0.8$

**= 35.8**

**સ્વપ્રયત્ને કરો :** (૧) નીચેની માહિતીનો મધ્યક શોધો.

| વર્ગ | 0-50 | 50-100 | 100-150 | 150-200 | 200-250 | 250-300 | 300-350 |
|---|---|---|---|---|---|---|---|
| આવૃતિ | 10 | 15 | 30 | 20 | 15 | 8 | 2 |

(૨) નીચેની માહિતીનો મધ્યક શોધો.

| વર્ગ | 100-200 | 200-300 | 300-400 | 400-500 | 500-600 | 600-700 |
|---|---|---|---|---|---|---|
| આવૃતિ | 5 | 3 | 3 | 6 | 2 | 1 |

**(૩) આવૃતિ વિતરણ પરથી મધ્યસ્થ શોધો.**

| **વર્ગ** | **20-25** | **25-30** | **30-35** | **35-40** | **40-45** | **45-50** | **50-55** |
|---|---|---|---|---|---|---|---|
| **આવૃતિ** | **2** | **5** | **8** | **10** | **7** | **10** | **3** |

ઉકેલ : અહીં, n = 45 તેથી $\frac{n}{2} = 22.5$

| વર્ગ | આવૃતિ(f) | સંચયી આવૃતિ(cf) |
|---|---|---|
| 20-25 | 2 | 2 |
| 25-30 | 5 | 7 |
| 30-35 | 8 | 15 |
| 35-40 | 10 | 25 |
| 40-45 | 7 | 32 |
| 45-50 | 10 | 42 |
| 50-55 | 3 | 45 |

અહીં, $\frac{n}{2} = 22.5$ આ અવલોકન ધરાવતો વર્ગ 35-40 છે.

માટે $l = 35, cf = 15, f = 10, c = 5$

મધ્યસ્થ : $M = l + \left[\frac{\frac{n}{2} - cf}{f}\right] C$

$= 35 + [\frac{22.5-15}{10}]5$

$= 35 + [0.75]5$

$= 35 + 3.75$

$\mathbf{= 38.75}$

**સ્વપ્રયત્ને કરો :** (૧) આવૃતિ વિતરણ પરથી મધ્યસ્થ શોધો.

| વર્ગ | ૦–૧૦૦ | ૧૦૦–૨૦૦ | ૨૦૦–૩૦૦ | ૩૦૦–૪૦૦ | ૪૦૦–૫૦૦ | ૫૦૦–૬૦૦ |
|---|---|---|---|---|---|---|
| આવૃતિ | ૬૪ | ૬૨ | ૮૪ | ૭૨ | ૬૬ | ૫૨ |

(૨) નીચેની માહિતીનો મધ્યસ્થ ૩૮ અને કુલ આવૃતિ ૪૦૦ હોય તો ખુટતી આવૃતિ શોધો.

| વર્ગ | ૧૦–૨૦ | ૨૦–૩૦ | ૩૦–૪૦ | ૪૦–૫૦ | ૫૦–૬૦ | ૬૦–૭૦ | ૭૦–૮૦ |
|---|---|---|---|---|---|---|---|
| આવૃતિ | ૪૨ | ૩૮ | a | ૫૪ | b | ૩૬ | ૩૨ |

# પ્રકરણ 16 : સંભાવના

(ગુણભાર :– ૫)

નોંધ :– આ પ્રકરણ માંથી ૨ વિકલ્પો અને ૩ ગુણનો એક દાખલો પુછાય છે.

**(૧) એક સિક્કો બે વખત ઉછાળવામાં આવે છે. તો સિક્કા પર...**

**(૧) બન્ને વખત છાપ મળે (૨) બન્ને વખત કાટ મળે. તેની સંભાવના શોધો.**

ઉકેલ : અહીં,

$$P(E) = \frac{\text{ઘટના E ઉદભવવા માટેના પરિણામોની}}{\text{પ્રયોગના કુલ પરિણામોની સંખ્યા}}$$

કુલ પરિણામ = 4 (hh, ht, th, tt)

બન્ને વખત છાપ મળે ઘટના A હોય તો....

$$P(A) = \frac{1}{4}$$

અને બન્ને વખત કાટ મળે ઘટના B હોય તો....

$$P(B) = \frac{1}{4}$$

**સ્વપ્રયત્ને કરો :**(૧) એક સમતોલ પાસાને એક વખત ઉછાળવામાં આવે છે. તો પાસા પર મળતો અંક ...

(૧) અવિભાજ્ય હોય (૨) વિભાજ્ય હોય (૩) યુગ્મ હોય (૪) અવિભાજ્ય યુગ્મ હોય

(૫) 6થી મોટો હોય (૬) ધન પૂર્ણાંક હોય (૭) પૂર્ણવર્ગ હોય (૮) 3થી નાનો હોય

(૯) 3નો અવયવી હોય તેની સંભાવના શોધો.

(૨) બે સમતોલ પાસાને એક વખત ઉછાળવામાં આવે છે. તો પાસા પર મળતો અંકોનો સરવાળો ...(૧) 7 મળે (૨) 10થી વધુ મળે (૩) 2થી ઓછો મળે (૪) 13થી ઓછો મળે (૫) અવિભાજ્ય મળે તેની સંભાવના શોધો.

(૩) એક પેટીમા 5 લીલા, 8 પીળા અને 7 ભુરા રંગના દડા છે. પેટીમાંથી એક દડો યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવે તો તે દડો ...
(૧) પીળા રંગનો હોય (૨) લીલા કે ભુરા રંગનો હોય (૩) ભુરા રંગનો ન હોય
(૪) લીલા કે પીળા રંગનો ન હોય તેની સંભાવના શોધો.

(૪) એક ખોખામાં 100 પેન્ટ છે. તેમા 73 સારા, 12 થોડી ખામીવાળા અને 15થી વધુ ખામીવાળા છે. કનુ એક એવો ટ્રેડર છે કે જે સારાજ પેન્ટ ખરીદે છે. પણ બીજા ટ્રેડર મનુને જેમા વધુ ખામી છે માત્ર તેવા પેન્ટ અસ્વીકાર્ય છે. ખોખામાંથી યાદચ્છિક રીતે એક પેન્ટ પસંદ કરવામાં આવે તી તે (૧) કનુને સ્વીકાર્ય હોય (૨) મનુને સ્વીકાર્ય હોય તેની સંમાવના શોધો.

BEST OF LUCK FOR MARCH 2015..........

Typed by : Bagada Bharat k.

**જેને ગણિત આવડે તેને શું શું આવડે ?**

(૧) ચોકસાઈથી કામ કરતા આવડે.
(૨) તાર્કિક રીતે વિચારતા આવડે.
(૩) સંકેતો અને પ્રતીકોનો ઉપયોગ કરતા આવડે.
(૪) દેખાય નહી તેવા સંબંધો, જોડાણો શોધતા આવડે.
(૫) સંકલ્પનાઓ અને ખ્યાલો સમજતા આવડે.
(૬) વિકલ્પો વિચારતા અને ઉકેલો શોધતા આવડે.
(૭) લાંબી–પહોળી વર્ણનાત્મક વિગતોને ટેબલ કે આલેખ– આકૃતિ દ્વારા રજુ કરતા આવડે.
(૮) વ્યવહારમાં શકય ન લાગતી સંભાવનાઓ શોધતા આવડે.
(૯) ઝડપથી અને ટૂંકમાં સમજતા અને સમજાવતા આવડે.
(૧૦) બ્રમ્હાંડના અદભુત રહસ્યોનું વિસ્મય માણતા આવડે.